## જન્મદિને વધામણી



નેહા મુકેશ પરમાર
મો. ૯૧૫૭૭ ૯૨૬૯૬

## અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ દ્વારા સ્નેહ મિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૮

અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ તરફથી પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે સવંત ૨૦૭૪ નવા વર્ષના પ્રારંભ નિમિત્તે તારીખ ૧૨ નવેમ્બર, ૨૦૧૭ ને રવિવારના રોજ લોકોનું સંગઠન વધે તથા એકબીજાના પરિચયમાં આવે તે હેતુથી "સ્નેહ મિલન" કાર્યક્રમનું આયોજન વાસણા (મ્યુ.) પાર્ટી પ્લોટ, જી .બી. શાહ કોલેજની બાજુના ખાંચામાં, ટોરેન્ટ પાવર સ્ટેશનની આગળ, રીવર ફ્રન્ટ પાસે, વાસણા, અમદાવાદ ખાતે બપોરના ૩-૦૦ વાગે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૬ ની વાર્ષિક પરીક્ષામાં ધોરણ ૧ થી ૧૨ ના, સ્નાતક તેમજ અનુસ્નાતકના તથા જુનીયર કે.જી. / સીનીયર કે. જી. (અમદાવાદ ઘટકના) અને ધોરણ ૧૦ તથા ૧૨ (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ)ના (રાજ્યકક્ષાના) મેરીટ પ્રમાણે પ્રથમ ૧ થી ૩ ક્રમાંકે આવનાર વિવિધ જિલ્લાના બારશાખ જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને/તારલાઓને ઈનામ વિતરણ કરવામાં આવશે તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પરિવાર પરિચય પુસ્તિકા અને સમાજની વેબસાઈટ www.ambaraj.comનું વિમોચન કરવામાં આવશે.

# એએફએસ સ્થાપના દિવસની ઉજવણી





એએફએસ, ગાંધીનગરના સ્થાપના દિવસ નિમિત્તે સંસ્થાએ 'માનવસ્મૃતિ' ખાતે માનસિક વિશિષ્ટ બાળકો સાથે ઉજવણી હાથ ધરી હતી. સ્ટુડન્ટ એક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત ચાલતી સંસ્થા 'અમેરિકન ફિલ્ડ સર્વિસ' (એએફએસ), ગાંધીનગર ચૅપ્ટરના સભ્યો આ ઉજવણીમાં જોડાયા હતા. સંસ્થા દ્વારા પ્રતિવર્ષ ૮મી નવેમ્બરે આ પ્રકારની ઉજવણી હાથ ધરવામાં આવે છે, જેમાં સમાજસેવાનાં કાર્યો સમાવિષ્ટ હોય. આ વખતે 'ફીડ ધ હંગ્રી' વિચાર હેઠળ માનવસ્મૃતિ સંસ્થાનાં બાળકો અને શહેરનાં અકિંચન બાળકોને ભોજન અને સૂકા નાસ્તાનું વિતરણ એએફએસ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાનાં સ્વયંસેવકો, વિદેશી વિદ્યાર્થીઓ અને રશિયાથી આવેલાં બે શિક્ષકોએ જાતે બાળકો માટે પૂરી, શાક, દાળ, ભાત, ભજિયાં, લાડુનું ભોજન તૈયાર કર્યું હતું અને સ્નેહથી તેમને પિરસ્યું પણ હતું. અમેરિકાથી ગાંધીનગર અભ્યાસ માટે આવેલી વિદ્યાર્થીની અનિકા અને જર્મનીથી આવેલા વિદ્યાર્થી ઓન્તેયે ગીતોનું ગાન કર્યું હતું. ત્યારબાદ સૌ સાથે મળીને ગરબે પણ રમ્યા હતા.

## ગાંધીનગરથી 'કેશલેસ ટાઉનશીપ' વેબસાઈટનું મુખ્યસચિવ ડૉ. જે. એન. સિંહના હસ્તે લૉન્ચિંગ






ગાંધીનગર, તા. ૮

જી. એન. એફ. સી. દ્વારા નિર્મિત 'કેશલેસ ટાઉનશીપ' cashlessinitiatives.com વેબસાઈટનું બુધવારે ગાંધીનગર ખાતે મુખ્ય સચિવ ડૉ. જે.એન.સિંહે લોન્ચીંગ કર્યું હતું. જેના દ્વારા દરરોજ ૧૮૦૦ થી વધુ ઈ-ટ્રાન્ઝેકશન થશે.

આ વેબસાઈટનો શુભારંભ થયા બાદ વેબ સાઈટ અંગે વિગતો આપતાં જી. એન. એફ. સી.ના મેનેજીંગ ડિરેકટર રાજીવ ગુપ્તાએ જણાવ્યું હતું કે, કેશલેસ ટાઉનશીપના નિર્માણ માટે જી. એન. એફ. સી. દ્વારા છેલ્લા એક વર્ષથી પ્રયત્નો થઈ રહ્યા છે જેના પરિણામ સ્વરૂપ આ સફળતા મળી છે. ડીજીટલ ટ્રાન્ઝેકશન માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આહ્વાન કર્યું હતું જેને ગુજરાતે હર્ષભેર સ્વીકારીને નાગપુર ખાતે ૮૧ ટાઉનશીપમાં ઈ-ટ્રાન્ઝેકશનની સુવિધાઓ લોન્ચ કરી હતી, જે પૈકી જી. એન. એફ. સી. ટાઉનશીપ દેશની પ્રથમ ટાઉનશીપ ઈ-ટ્રાન્ઝેકશન ક્ષેત્રે બની છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જી. એન. એફ. સી.ના આ કેશલેસ ટાઉનશીપ મોડલને ૨૦ રાજ્યો અને દેશભરની ૧૦૦થી વધુ ટાઉનશીપ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. નીતિ આયોગે જુદા જુદા ૮૧ મંત્રાલયો અને ૩૦૦ જેટલા જાહેર સાહસોને જી. એન. એફ. સી.ના આ મોડલને સ્વીકારવા અનુરોધ કર્યો છે. કેશલેસ ટાઉનશીપની આ વ્યવસ્થા કાયમી ધોરણે સતત ઉપલબ્ધ રહે એ માટે આ વેબસાઈટ લોન્ચ કરાઈ છે.

આ લૉન્ચિંગ વેળાએ જીએનએફસીના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્પેશિયલ ઑલિમ્પિક્સ આયોજિત

## નૅશનલ હૅન્ડબૉલ ચૅમ્પિયનશીપમાં ગુજરાતે સિલ્વર મૅડલ પ્રાપ્ત કર્યો



### ગુજરાત રાજ્યની ટીમમાં ગાંધીનગર જિલ્લાની ખેલાડી સામેલ

સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ભારત દ્વારા નૅશનલ હૅન્ડબૉલ ચૅમ્પિયનશીપનું આયોજન આગ્રા ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતની મહિલા ટીમે સિલ્વર મૅડલ પ્રાપ્ત કર્યો હતો. ગાંધીનગરનાં ખેલાડી સંગીતા જાદવ આ વિજેતા ટીમમાં સામેલ હતાં, જેઓ મંથન સંસ્થા, હાજીપુરનાં વિદ્યાર્થીની છે. સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગાંધીનગર જિલ્લા તરફથી જિજ્ઞેશ રાવલે સંગીતાને બિરદાવી તેને તથા હાજીપુર સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા.

### આયુર્વેદ-હોમિયોપેથી અભ્યાસક્રમ માટે

## ખાલી બેઠકો ભરવાની મુદત ૨૨ નવેમ્બર

ગાંધીનગર, તા. ૮

સ્વનિર્ભર આયુર્વેદ અને હોમિયોપેથીની કોલેજોને મોડી મંજૂરી આપવાના કારણે અત્યાર સુધીમાં સળંગ ત્રણ વખત પ્રવેશ ફાળવવાની સમયમર્યાદા વધારાઈ છે. હવે ચોથી વખત ભારત સરકાર દ્વારા આ સમયમર્યાદા વધારીને ૨૨મી નવેમ્બર કરાઈ છે. આમ, સંચાલકોના દબાણને વશ થઈને સરકાર દ્વારા વારંવાર પ્રવેશની મુદત વધારવામાં આવતાં વિદ્યાર્થી-વાલીઓ માટે ભારે મુશ્કેલી ઊભી થાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

પેરા મેડિકલ સહિતની પ્રવેશ પ્રક્રિયા ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં પૂરી કરી દેવાનું નક્કી કરાયું હતું. આ સમયમર્યાદા વધારીને ૩૧મી ઓક્ટોબર કરવામાં આવી હતી. આ સમયમર્યાદા સુધીમાં અનેક હોમિયોપેથી અને આયુર્વેદની કોલેજોની મંજૂરી આપવામાં ન આવતાં સંચાલકો દ્વારા કરાયેલી રજૂઆતના પગલે ૮મી નવેમ્બર સુધીની મુદત વધારી આપવામાં આવી હતી. હવે આયુર્વેદ અને હોમિયોપેથી કોલેજમાં પ્રવેશ માટે ફરીવાર પ્રવેશની સમયમર્યાદા વધારીને ૨૨મી નવેમ્બર કરી દેવાઈ છે. સૂત્રો કહે છે સ્વનિર્ભર કોલેજ સંચાલકોના દબાણના કારણે સતત ત્રણથી ચાર વખત પ્રવેશની સમયમર્યાદા વધારી દેવામાં આવી છે. સ્વનિર્ભર કોલેજો દ્વારા ખાલી પડેલી બેઠકો વધારેલી સમયમર્યાદામાં પોતાની રીતે ભરવાની રહેશે. સૂત્રો કહે છે કોલેજોમાં હાલ અભ્યાસ શરૂ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે હવે પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓએ અંદાજે એક માસનો અભ્યાસ ગુમાવવો પડશે.



ગાંધીનગર કોમ્પ્યુટર એસોસિએશનની ટીમ દ્વારા ઉરેન પટેલની આગેવાનીમાં ફેડરેશન આઈટી ગુજરાતના પ્રેસિડેન્ટ કોંકલેવ માં ભાગ લેવામાં આવ્યો હતો અને ત્યાં સંદીપ કોટેચા દ્વારા ગાંધીનગર કૉમ્પ્યુટર હાર્ડવૅર ઍસોસિએશનની કામગીરી નો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.

# ભારતીય મહિલા હોકી ટીમનો પરચમ લહેરાયો

## એશિયા કપમાં જીત ઉપરાંત ટીમ વર્લ્ડ કપ-૨૦૧૮ માટે ક્વૉલિફાઈ



પ્રસંગસર
કુંતલ નિમાવત
knn786@gmail.com




'ચક દે...'નો વાયરો દેશમાં ફેલાયો છે ને દેશની મહિલા હોકી ટીમની વાહ-વાહ થઈ રહી છે.

કારણ - ભારતીય મહિલા હોકી ટીમે પોતાનું અદ્દભૂત પ્રદર્શન દર્શાવીને રવિવારે જાપાન ખાતે આયોજિત ફાઈનલ મુકાબલામાં પોતાનાથી ઊંચું રેન્કિંગ ધરાવતી ચીનની ટીમને પરાજય આપીને મહિલા એશિયા કપ ટાઈટલ જીતી લીધું છે. એટલું જ નહીં, પરંતુ વર્લ્ડ કપ-૨૦૧૮ માટે આ ટીમ ક્વોલિફાઈ પણ થઈ છે.

કાકામિગાહારામાં રમાયેલા મુકાબલામાં ભારતે ચીનને ૫-૪થી પરાજય આપ્યો હતો. નિર્ધારીત સમયમાં સ્કોર ૧-૧થી બરાબરી પર રહ્યો હતો જેના કારણે પેનલ્ટી શૂટઆઉટની મદદથી પરિણામ નિશ્ચિત કરવામાં આવ્યું હતું.

ગિફુ હોકી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં બંને ટીમ પ્રથમ ક્વાર્ટરમાં સ્કોર નોંધાવવામાં નિષ્ફળ રહી હતી. પરંતુ નવજોત કૌરે ૨૫મી મિનિટે ભારતને મહત્વની સરસાઈ અપાવતાં એક ગોલ નોંધાવ્યો હતો. જેની મદદથી ભારત ૧-૦થી આગળ થઈ ગયું હતું.

એશિયા કપમાં પોતાની ચોથી ફાઈનલ રમનારી ભારતીય ટીમે પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું અને ટુર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ નોંધાવનારી ખેલાડી ઝોંગ જિઆકીને ગોલની તક આપી ન હતી. પરંતુ ૪૭મી મિનિટે ચીનને પેનલ્ટી કોર્નર મળ્યો હતો જેમાં ટિઆનટિઆને લુઓએ ગોલ નોંધાવીને સ્કોર ૧-૧થી સરભર કરી દીધો હતો. મેચના નિર્ધારીત ૬૦ મિનિટના સમયમાં સ્કોર ૧-૧થી બરાબરી પર રહ્યો હતો અને પરિણામ માટે શૂટઆઉટની મદદ લેવામાં આવી હતી.

આ વિજય સાથે ભારતીય મહિલા ટીમે ચીન સામે ૨૦૦૯ની ફાઈનલમાં મળેલા પરાજયનો હિસાબ ચૂકતે કર્યો હતો. ૨૦૦૯ની મહિલા એશિયા કપ ફાઈનલમાં ભારત અને ચીન આમને સામને થયા હતા. થાઈલેન્ડમાં રમાયેલા ફાઈનલ મુકાબલામાં ચીને ભારતને ૫-૩થી પરાજય આપીને ટાઈટલ જીત્યું હતું. જ્યારે ૨૦૧૭માં ભારતે ટાઈટલ જીતીને હિસાબ ચૂકતે કર્યો હતો.

### ૨૦૦૪ બાદ એશિયા કપ

ભારતીય મહિલા ટીમને એશિયા કપ જીતવા માટે ૧૩ વર્ષ રાહ જોવી પડી છે. ભારત અગાઉ ૨૦૦૪માં નવી દિલ્હીમાં રમાયેલા મહિલા એશિયા કપની ફાઈનલમાં ચેમ્પિયન બન્યું હતું. આ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમે જાપાન સામે ૧-૦થી વિજય મેળવ્યો હતો. ભારત કુલ ચાર વખત ફાઈનલ રમ્યું છે જેમાંથી બે વખત તે સફળ રહ્યું છે. ૧૯૯૯ અને ૨૦૦૯માં ભારતીય ટીમ રનર્સ અપ રહી હતી.

### કૅપ્ટન રાની રામપાલનો નિર્ણાયક ગોલ

શૂટઆઉટમાં પણ સ્કોર ૪-૪થી સરભર રહેતા મેચ ઘણી રોમાંચક બની રહી હતી. અદલ હિન્દી ફિલ્મ 'ચક દે ઈન્ડિયા' જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું, જેમાં બંને ટીમના સ્કોર સરખા થયા હતા અને બંને ટીમ પાસે હવે એક એક શોટની તક હતી, જીતવા માટે. અને છેલ્લે કૅપ્ટન જ ટીમને જીત અપાવે છે. લાસ્ટ શોટમાં ચીન માટે લિઆંગ મેઈયુ ગોલ નોંધાવવામાં નિષ્ફળ રહી હતી પરંતુ ભારતીય સુકાની રાની રામપાલે ભારતને સફળતા અપાવી હતી.

રાનીનો શૉટ સીધો ગોલ પોસ્ટમાં ગયો હતો. અને એ સાથે જ ભારતે આ ફાઈનલ મેચની સાથે બીજું એશિયા કપ ટાઈટલ પણ જીતી લીધું હતું.

### ટીમ વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈ

મહિલા એશિયા કપ જીતવાની સાથે જ ભારતીય ટીમ ૨૦૧૮માં ઈંગ્લેન્ડમાં રમાનારા વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈ થઈ ગઈ હતી. ચીનની ટીમ ૨૦૧૬-૧૭ની હોકી વર્લ્ડ લીગ સેમિફાઈનલની ફાઈનલમાં પહોંચીને વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે એશિયામાંથી ભારત ઉપરાંત જાપાન અને સાઉથ કોરિયા પણ વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈ થઈ ગયા છે.

### દેશની એક જ વર્ષમાં બે સિદ્ધિ

ભારતીય મહિલા ટીમે ચીનને પરાજય આપીને મહિલા એશિયા કપ હોકી ટુર્નામેન્ટ જીતી લીધી હતી. ભારતે ચીનને ૫-૪થી પરાજય આપ્યો હતો. આ સાથે જ મહિલા ટીમે ભારતની પુરૂષ ટીમની બરાબરી કરી હતી. પુરૂષ ટીમે ૨૨ ઓક્ટોબરે ઢાકામાં મલેશિયાને ૨-૧થી પરાજય આપીને એશિયા કપ જીત્યો હતો. જે ભારતનું ત્રીજું એશિયા કપ ટાઈટલ હતું. આમ ભારતે એક જ વર્ષમાં પુરૂષ અને મહિલા એશિયા કપ જીતવાની અનોખી સિદ્ધિ પોતાના નામે કરી હતી. અગાઉ સાઉથ કોરિયાએ ૧૯૯૪ અને ૧૯૯૯માં પુરૂષ અને મહિલા બંનેમાં એશિયા કપ જીત્યો હતો.

### ટીમ ટુર્નામેન્ટમાં અજેય

ભારત મહિલા એશિયા કપ-૨૦૧૭માં અજેય રહ્યું હતું. લીગ સ્ટેજમાં ભારતીય ટીમે સિંગાપોરને ૧૦-૦થી કચડી નાંખ્યું હતું. જ્યારે ચીન સામે ૪-૧થી વિજય નોંધાવ્યા બાદ મલેશિયાને ૨-૦થી હરાવ્યું હતું. ક્વાર્ટર ફાઈનલમાં ભારતે કઝાકિસ્તાન સામે ૭-૧થી ભવ્ય વિજય નોંધાવ્યો હતો અને સેમિફાઈનલમાં યજમાન અને ચેમ્પિયન જાપાનને ૪-૨થી પરાજય આપ્યો હતો.

### શૂટઆઉટમાં પણ સ્કોર સરભર

નિર્ધારીત સમયમાં સ્કોર ૧-૧ રહ્યા બાદ શૂટઆઉટની મદદ લેવામાં આવી હતી પરંતુ અહીં પણ સ્કોર ૪-૪થી બરાબરી પર રહ્યો હતો. બંને ટીમને પાંચ તક આપવામાં આવી હતી અને બંને ટીમની એક-એક ખેલાડી ગોલ નોંધાવવામાં નિષ્ફળ રહી હતી.

## ડેઈલી કરંટ



દર્શન મારૂ
95862 87447

(૧) કોન્ફ્રેંસ ઓફ પાર્ટીઝ (સીઓપી) ૨૩નું આયોજન કયા દેશમાં કરાયું છે ?
(એ) જર્મની (બી) ઈટલી
(સી) ફ્રાન્સ (ડી) મોસ્કો

(૨) કેન્દ્રીય નાણા સચિવ તરીકે તાજેતરમાં કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) સુલોચના સિંહ (બી) હસમુખ અઢિયા
(સી) શશી શેખર (ડી) રાજીવ કુમાર

(૩) કોમનવેલ્થ શૂટીંગ ચેમ્પિયનશીપમાં ભારતે કુલ કેટલા મેડલ પ્રાપ્ત કર્યા છે ?
(એ) ૫ (બી) ૧૦
(સી) ૧૫ (ડી) ૨૦

(૪) ભારત સરકારનો શ્રેષ્ઠ શહેરી બસ સેવા પુરસ્કાર કયા શહેરની બસ સેવાને મળ્યો છે ?
(એ) અમદાવાદ (બી) સુરત
(સી) દિલ્હી (ડી) મુંબઈ

(૫) ભારતના ગ્રામીણ વિસ્તારોમાં ડિજીટલ ઈન્ડિયાના પ્રચાર માટે કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?
(એ) ભારત જેટ યોજના (બી) ભારત સેટ યોજના
(સી) ભારત નેટ યોજના (ડી) ભારત સ્પીડ યોજના

(૬) ભારત-બાંગ્લાદેશ વચ્ચે તાજેતરમાં મિઝોરમ ખાતે કયો સંયુક્ત યુદ્ધ અભ્યાસ કાર્યક્રમ શરૂ થયો છે ?
(એ) ઝેડ સંપ્રતિ-૨૦૧૭ (બી) એક્સ સંપ્રતિ-૨૦૧૭
(સી) વાય સંપ્રતિ-૨૦૧૭ (ડી) એમ સંપ્રતિ-૨૦૧૭

(૭) ચીન દ્વારા તાજેતરમાં છોડવામાં આવેલા નેવિગેશન સેટેલાઈટનું નામ શું છે ?
(એ) ચેંગડોંગ-૩ (બી) ક્વિયાંગસાંગ-૩
(સી) પેંગિયંગ-૧ (ડી) બેઈદોઉ-૩

(૮) ભારતના કયા રાજ્યમાં યુવા વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશીપનો મેસ્કોટ (શુભંકર) પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો ?
(એ) દિલ્હી (બી) રાજસ્થાન
(સી) આસામ (ડી) કેરલ

(૯) ભારતીય રેલવે દ્વારા સ્વર્ણ પરિયોજના અંતર્ગત કયા રૂટ પર પ્રથમ ટ્રેન શરૂ કરવામાં આવી છે ?
(એ) દિલ્હી-અમૃતસર (બી) મુંબઈ-વિશાખાપટનમ
(સી) વડોદરા-પટના (ડી) દિલ્હી-કાઠગોદામ

(૧૦) કયા રાજ્યની સરકારે ખેડૂતો માટે સૌર ઊર્જા સંચાલિત સોલાર ફિડર્સની મદદથી સસ્તી વીજળી આપવાની જાહેરાત કરી છે ?
(એ) ઝારખંડ (બી) મહારાષ્ટ્ર
(સી) પંજાબ (ડી) હરિયાણા